ગુજરાતમિત્ર
# શો ટાઈમ
ગુરુવાર ૨૬ માર્ચ, ૨૦૨૬



પડદાના ‘શાહજહાં’ અને અસલ જીંદગીના ‘રંક’ : પ્રદીપ કુમાર Pg.2



નોરાએ ડાન્સમાં કોની સાથે કોલેબ કરવું છે? Pg.4

# પરદાથી OTT પ્લેટફોર્મ પર



‘નેપો બેબીઝ’ એવી વ્યક્તિઓ છે જેમણે પોતાની પોતાની કારકિર્દીની શરૂઆત કરવા માટે કે બોલિવૂડમાં સફળતા મેળવવા માટે પોતાના પેરન્ટ્સની પ્રસિદ્ધિનો, તેમના પાવરનો ઉપયોગ કર્યો હોય. તેના કારણે બોલિવૂડમાં જે એક્ટર્સ ખરેખર તે સફળતાના હકદાર છે કે જે તે પાત્ર કરવા માટે યોગ્ય છે તેમને અન્યાય થાય છે. બોલિવૂડમાં આઉટ સાઈડર્સને જે સંઘર્ષ કરવો પડે છે તે આ નેપો કિડ્ઝને કરવો પડતો નથી. તેમણે બોલિવૂડમાં પોતાના માટે તૈયાર રાખેલી થાળી જ જમી લેવાની હોય છે. આના કારણે નેપો કીડ્ઝની ઘણી વાર ટીકા પણ થાય છે. અભિષેક બચ્ચન, સારા અલી ખાન, રણબીર કપૂર, હ્રીતિક રોશન, વરુણ ધવન , જહાનવી કપૂર , અર્જુન કપૂર, અનન્યા પાંડે, આલિયા ભટ્ટ જેવા સ્ટાર કીડ્ઝ એ ઘણી વાર તેમની પ્રતિભા કરતાં વધારે તકો મળી હોય એવી ટીકાનો સામનો કરવો પડ્યો છે.

પરંતુ, હવે બોલિવૂડની નવી જનરેશન ઓવર ધ ટોપ એટલે કે OTT પ્લેટફોર્મ પર કામ કરવાનું વધારે પસંદ કરતી થઈ છે. સ્ટાર કિડ્સ જેવા કે, સુહાના ખાન, ઈબ્રાહીમ અલી ખાન, જુનેદ ખાન , ખુશી કપૂર અને અગસ્ત્ય નંદા એ પડદા એટલેકે સ્ક્રીન પર ડેબ્યુ કરવાને બદલે OTT પ્લેટફોર્મ પર ડેબ્યુ કરવાનું પસંદ કર્યું છે. નેપો કિડ્સ માં OTT વધારે પ્રચલિત બન્યું છે. એવા ઘણા નેપો કિડ્સ છે જેમણે પોતાની કારકિર્દીની શરૂઆત કરવા માટે OTT નું માધ્યમ પસંદ કર્યું છે કારણ કે OTT પ્લેટફોર્મ પર તેમની સરખામણી તેમાં સ્ટાર પેરન્ટ્સ સાથે થતી નથી. આ સિવાય પણ બીજા ઘણા કારણો છે જેના લીધે સ્ટાર કિડ્સ OTT પસંદ કરે છે. પહેલાં તો જોઈએ , એવાં કયા કયા નેપો કિડ્સ છે જેમણે OTT પર ડેબ્યુ કર્યું હોય અથવા સ્ક્રીન છોડીને OTT પર કામ કરવાનું શરુ કરી દીધુ છે. બોલિવૂડ ના કિંગ ખાન એટલેકે શાહ રુખ ખાન ની પુત્રી સુહાના ખાન અને અમિતાભ બચ્ચન ના દોહિત્ર અગસ્ત્ય નંદા એ તેમની ડેબ્યુ ફિલ્મ ‘ધ આર્ચીઝ’ થી OTT પર શરૂઆત કરી . શ્રી દેવીની પુત્રી ખુશી કપૂર અને સૈફ અલી ખાન ના પુત્ર ઈબ્રાહીમ અલી ખાન પણ તેમનો વિવાદાસ્પદ પ્રોજેક્ટ ‘નાદાનીયા’ OTT પર લાવી રહયા છે. જાણીતા એકટર ઈરફાન ખાન ના પુત્ર બાબીલ ખાને પણ ‘કલા ‘ માં કામ કર્યું હતું. સંજય કપૂરની પુત્રી સનાયા કપૂરે’આંખો કી ગુસ્તાખીયા’ થી OTT પર શરૂઆત કરી તો બીજી બાજુ, અજય દેવગણ ના પુત્ર અમન દેવગણ અને રવિના ટંડનની પુત્રી રાશા થડાની એ OTT પર ‘આઝાદ’ ફિલ્મ સાથે કરી. શાહ રુખ ખાન ના પુત્ર આર્યન ખાને ડીરેક્ટોરલ ડેબ્યુ ‘બેડ્સ ઓફ બોલિવૂડ’ થી OTT પર શરૂઆત કરી છે. આમ, સ્ટાર કીડ્ઝ ધીમે ધીમે સ્ક્રીન ને બદલે OTT પ્લેટફોર્મ ને પસંદ કરી રહયા છે.

સ્ટાર કીડ્ઝ પ્રતિભાશાળી હોય કે ના હોય તેમને બોલિવૂડ માં કામ અને સફળતા તો મળી જ જાય છે આવી ટીકાનો સામનો કરવો પડે છે. મોટા ભાગના નેપો કીડ્ઝ OTT પ્લેટફોર્મ પસંદ કરે છે કારણકે તેમણે ત્યાં આવી ટીકાઓનો સામનો કરવો પડતો નથી. અને વળી , OTT જોનારા લોકોમાં ઘણા ઓછા હોય છે જેમણે તેમના સ્ટાર પેરન્ટ્સ ને ફિલ્મોમાં કામ કરતાં જોયા હોય. એટલે તેમને સરખામણી નો ડર રહેતો નથી. આ કારણો થી અગાઉ ની જનરેશન ના કેટલાક નેપો કિડ્સ પણ OTT તરફ વળી ગયા છે. જેમ કે, પરદા પર ફ્લોપ રહેલા અભિષેક બચ્ચન ની સરખામણી સતત તેના પિતા અમિતાભ બચ્ચન સાથે થતી હતી અને એટલે તેણે OTT પર ફીલ્મ્સ કરવાનું શરુ કરી દીધું. ‘મનમર્ઝીયા ‘, ‘ધ બીગ બુલ’, બોબ બિસ્વાસ’ ‘દસવી ‘, જેવી ઘણી ફિલ્મ્સ તેની હિટ રહી છે . તેવી જ રીતે બોબી દેઓલની પણ ‘આશ્રમ’, ક્લાસ ઓફ ૮૩’, અને ‘લવ હોસ્ટલ’ જેવી OTT રીલીઝ આવી. જહાનવી કપૂર એ પણ OTT તરફ રુખ કર્યું છે. ‘ મી એન્ડ મીસીસ માહી ‘,’ મિલી’, ‘ગુંજન સક્સેના’ અને હાલની ‘ પરમ સુંદરી’ પણ OTT પર રીલીઝ થઈ હતી. પરદા પર ડેબ્યુ કર્યા બાદ OTT તરફ વળનાર એક્ટર્સ માં અનન્યા પાંડે નું નામ પણ આવે છે. OTT પર તેની ‘કોલ મી બે’ , ‘ CTRL ‘, અને’ ગેહરાઈયાં’સફળ રહી હતી.




નેપો કીડ્ઝ માટે OTT પ્લેટફોર્મ થીએટર સ્ક્રીન કરતાં વધુ સલામત સ્થાન છે જ્યાં તેમને કોઈ પણ જાતની સરખામણી કે સફળતા કે નિષ્ફળતાના દબાણ વગર સાબિત કરવાની તક મળે છે. વળી, OTT પર કથાવસ્તુ અને ડાયલોગના શબ્દો માં ઘણી છુટછાટ મળે છે જે તેમને ઝડપથી સફળતા તરફ લઈ જાય છે. નેપો કીડ્ઝ પોતાના બચાવ માં કહે છેકે OTT પ્લેટફોર્મ તેમને એક્ટિંગ સ્કીલ ડેવેલોપ કરવામાં, પોતાનો ચાહક વર્ગ ઉભો કરવામાં અને દરેકના ગળે ઉતારી શકાય તેવા પાત્રો ભજવવાની તક આપે છે. જોકે, સુત્રો ના જણાવ્યા પ્રમાણે, નેપો કીડ્ઝ માં કેટલું ટેલેન્ટ છે અને કેટલું નથી તે ઈન્ડસ્ટ્રી બરાબર જાણે છે અને OTT તેમને ઘણી બધી રીતે ‘ચલવી લે ‘ છે. તેમની એક્ટિંગ સ્કીલ અને ભાષા શૈલી એટલી મજબુત નથી. વળી, તેમના પ્રયત્નો પણ પૂરતા હોતા નથી. તેઓ જાણે ઈન્ફ્લુએન્સર હોય એવી રીતે કામ કરે છે. આમ, જોવા જઈએ તો નેપો કીડ્ઝ માટે OTT પ્લેટફોર્મ જ બરાબર છે. કારણકે બોલિવૂડ ઈન્ડસ્ટ્રી માં જે એક્ટર્સ આઉટ સાઈડર કહેવાય છે તે બધાનો જ દબદબો અત્યારે જોવા મળે છે. હાલમાં બોલિવૂડ માં વીકી કૌશલ, કાર્તિક આર્યન, ક્રીતી સેનન, આયુષ્માન ખુરાના, રાજકુમાર રાઉ, પ્રિયંકા ચોપરા, અક્ષય કુમાર,રણવીર સિંઘ, ભૂમિ પેડનેકર,તાપસી પન્નું , વિદ્યા બાલન વગેરે જેવા એક્ટર્સ કોઈ પણ ગોડફાધર વગર , કોઈ પણ કેમ્પ માં જોડાયા વગર સફળતા મેળવી રહ્યા છે. તો ભલેને નેપો કીડ્ઝ પરદો છોડીને પ્લેટફોર્મ પર આવી જતા. કદાચ, તેમાં જ તેમની ભલાઈ છે.

**હવે બોલિવૂડની નવી જનરેશન ઓવર ધ ટોપ એટલે કે OTT પ્લેટફોર્મ પર કામ કરવાનું વધારે પસંદ કરતી થઈ છે. સ્ટાર કિડ્સ જેવા કે, સુહાના ખાન, ઈબ્રાહીમ અલી ખાન, જુનેદ ખાન , ખુશી કપૂર અને અગસ્ત્ય નંદા એ પડદા એટલેકે સ્ક્રીન પર ડેબ્યુ કરવાને બદલે OTT પ્લેટફોર્મ પર ડેબ્યુ કરવાનું પસંદ કર્યું છે**

# બોલિવૂડમાં ૯૦% લગ્નો ફક્ત દેખાડો છે?

બોલિવ્લોગ વિથ પૉપ

સ્મિતા પાટીલ અને રાજ બબ્બરનો પુત્ર પ્રતિક તેના નાના-નાની પાસે મોટો થયો હતો કારણ કે સ્મિતનું પ્રસુતિમાં મૃત્યુ થયું હતું અને ત્યાર બાદ તેના પિતા તેની પહેલી પત્ની સાથે રહેવા લાગ્યા હતા. પ્રતિક છેલ્લા ઘણા વર્ષોથી તેના પિતા સાથે ભાવનાત્મક રીતે તનાવગ્રસ્ત સંબંધો ધરાવતો હતો અને પ્રતિક આ બાબત ઘણી વાર બોલ્યો છે અને હવે, જ્યારે એવું લાગતું હતું કે તેમની વચ્ચે પરિસ્થિતિ સુધારવા લાગી છે ત્યારે પ્રતીકે ૨૦૨૫ માં પ્રિયા બેનર્જી સાથે લગ્ન કર્યા તેમાં પિતાને આમંત્રણ ન આપવાનો નિર્ણય કર્યો. તે સમયે, તેના સાવકા ભાઈ-બહેનો એ આ અંગે ટીપ્પણી કરી હતી અને સામે પ્રતીકે પણ જવાબ આપ્યો હતો. પણ, ત્યાર પછીથી, એવું લાગે છે કે પ્રતિક તેના પિતાથી અંતર રાખી રહ્યો છે. એક ઈન્ટરવ્યુંમાં પ્રતિક અને તેની પત્ની પ્રિયાને પૂછવામાં આવ્યું કે જ્યારે તેમણે પિતાને લગ્નમાં ન બોલાવ્યા તે માટે લોકો એ તેમને ટ્રોલ કર્યા ત્યારે શું કર્યું? ત્યારે પ્રિયાએ જવાબ આપ્યો કે તેઓ એટલા વ્યસ્ત છે કે ટ્રોલ વિષે વિચારવાનો સમય જ નથી. તો બીજી બાજુ, પ્રતીકે જણાવ્યું કે આ વાતમાં ઘણું સત્ય બહાર આવવાનું બાકી છે. પ્રતીકે ઉમેર્યું, લોકો સત્ય જાણતા નથી. ફિલ્મ ઉદ્યોગના કેટલાક લોકો સત્ય જાણે છે તો કેટલાક નથી જાણતા અને સામાન્ય લોકો.....પરંતુ, એક દિવસ દરેકને સત્ય જાણવા મળશે વાર્તા રૂપે, પુસ્તક તરીકે અથવા ઈન્ટરવ્યુ કે ફિલ્મના સ્વરૂપમાં. ‘પ્રિયા એ કહ્યું કે આ અનુભવે તેમને એક ટીમ તરીકે વધુ મજબૂત બનાવ્યા છે. તેણે વધુમાં ઉમેર્યું મને લાગે છે કે લગ્ન કરતાં પહેલાં જીવનમાં ઘણી બધી કસોટીઓ થઈ છે, ફક્ત એ જોવા માટે કે આપણે ટકી શકીશું કે નહીં અને આપણે નિન્જા જેવા છીએ. મને લાગે છે કે આપણી સામે આવેલી દરેક સમસ્યા, દરેક પરિસ્થિતિ માં અમે ‘અબ ક્યા હોગા?’ એવી પ્રતિક્રિયા આપી નથી. અમે એકબીજા તરફ જોયું અને અમે એક બીજાને સમજી ગયા અને એક થઈ ગયા.’ ત્યારબાદ પ્રતીકે ટ્વીનકલ ખન્નાની લગ્ન સંસ્થા વિશેની ‘રાત ગઈ બાત ગઈ’ ટીપ્પણીનો ઉલ્લેખ કર્યો. જ્યારે ટ્વીનકલે એક ટોક શો માં શારીરિક બેવફાઈ વિષે વાત કરતાં કહ્યું હતું કે ‘જો પરણિત લોકો ‘રાત ગઈ બાત ગઈ’ કહી રહ્યા હોય તો તમે જાણો છો કે પરિસ્થિતિ શું હશે?’ અગાઉના કલાકારો જ્યારે આવી વાતો કરે છે ત્યારે હું તેમના વિષે અનુમાન બનાવું છું., જજ કરું છું કારણકે તમે ભારતીય છો, અને તમારી એક સંસ્કૃતિ છે.પરંતુ, આ લોકો ફક્ત દેખાડો કરવા માટે લગ્ન કરે છે...મારા દેશમાં લોકો લગ્ન કરતાં નથી, કારકિર્દી બનાવે છે,અફેર્સ કરે છે,અને લોકો સાથે આદરથી વર્તે છે. અમારું કલ્ચર બોલિવૂડ અને ભારત કરતાં ઘણું મજબુત છે. અહી લોકોએ લગ્નને મજાક બનાવી દીધા છે. પ્રતિક પોતાની પત્નીની વાતના સમર્થનમાં આગળ કહે છે કે લગ્નમાં છેતરામણી ‘આઉટ ઓફ ફેશન’ છે. મને લાગે છે કે લગ્નમાં ચીટીંગ, એક કરતાં વધારે પાર્ટનર હોવા એ આઉટ ઓફ ફેશન થઈ ગયું છે. એમાં કશું સારું નથી.



**પ્રતિક પોતાની પત્નીની વાતના સમર્થનમાં આગળ કહે છે કે લગ્નમાં છેતરામણી ‘આઉટ ઓફ ફેશન’ છે**

# હર્ષવર્ધન બન્યો ડિલીવરી બોય

એકટર હર્ષવર્ધન રાણે ફોર્સ ૩ માં એકટર અને પ્રોડ્યુસર એવા જોન અબ્રાહમ સાથે ગુજરાતની ગલીઓમાં શુટિંગ કરી રહ્યો છે. આ મહિનાની શરૂઆતમાં હર્ષવર્ધને આગામી એક્શન ફિલ્મનું શુટિંગ શરુ કર્યું છે જેમાં તાન્યા માનીકતલા પણ છે અને તે ફિલ્મ નું દિગ્દર્શન ખાકીઃ ધ બિહાર ચેપ્ટરના ડિરેક્ટર ભાવ ધુલિયા કરી રહ્યા છે. હર્ષ સોશિયલ મીડિયા પર સેટ પરથી ફોટોગ્રાફ શેર કરતાં, તેના કો-એક્ટર અને પ્રોડ્યુસર જોન અબ્રાહમ વિષે વાત કરે છે. ફિલ્મમાં તેનું પાત્ર એક ડિલીવરી બોયનું છે જે તેણે પોતાના શરૂઆતના સંઘર્ષના દિવસોની યાદ અપાવે છે. તેણે લખ્યું છે કે, ડિલીવરી બોય બનવાથી, તેમના ચાહક બનવાથી અને હવે તેમના સેટ પર રહેવા સુધી! બધા ડિલીવરી બોય્ઝ કે જેઓ સપનાઓ જુએ છે, ઉબડખાબડ રસ્તાઓ તેમને મજબૂત બનાવે છે, ઘણા ઓછા સમયમાં ડિલીવરી પહોચાડવાની ઘેલછા તમને શિસ્તબદ્ધ બનાવશે, ગરમી તમારી ધીરજની કસોટી કરશે અને વરસાદ પડકારો લાવશે અને લાંબા સમય સુધી ડ્રાઈવિંગ તમારી મર્યાદાઓ પર સવાલ ઊભા કરશે. તમે ફક્ત ઓર્ડર પહોચાડી રહ્યા નથી, તમે ધીરજ, ભૂખ અને પડકારો ઝીલવા માટે સક્ષમ બની રહ્યા છો.

**એકટરે પોતાના પાત્રની તૈયારી માટે જે શારીરિક કસરતો કરવી પડે છે, તેના વિષે પણ જણાવ્યું. એક એક્શન ફિલ્મ માટે તેણે પુષ્કળ શારીરિક પરિશ્રમ કરવો પડે છે**

આ એકટરે પોતાના પાત્રની તૈયારી માટે જે શારીરિક કસરતો કરવી પડે છે, તેના વિષે પણ જણાવ્યું. એક એક્શન ફિલ્મ માટે તેણે પુષ્કળ શારીરિક પરિશ્રમ કરવો પડે છે. એક પોસ્ટમાં તે જણાવે છે કે, સનમ તેરી કસમ અને દીવાનીયતમાં મારું વજન ૮૧ kg હતું અને ફોર્સ ૩ માંના એક્શન સીનની જરૂરિયાત પ્રમાણે મને ૯૨ kg વજનના બનવાનું છે. અત્યાર સુધી ૯૦ kg વજન થઈ ગયું છે અને હજી ૨ kg વજન વધારવાનું છે. હર્ષવર્ધનની આ પોસ્ટ ફિલ્મ માટેની લાંબા સમયથી ચાલતી શારીરિક તૈયારી અને તેના વ્યક્તિગત મહત્વ એમ બંનેની ઝલક આપે છે.

